## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ભાઈ, તું ચૂંટણી તો લડવાનો છો... તો તને આશીર્વાદ આપું કે... તારું મત વિસ્તારમાં બૂથ કેપ્ચરીંગ ન થાય.. ઈ.વી.એમ. સાચા મુકાય. મત માંગતી વખતે કોઈ ધોલધપાટ ન કરે...!

# શહેરમાં તમામ એન્ટ્રી એક્ઝીટ પોઈન્ટ પર નાકાબંધી

## આચારસંહિતાના દિવસથી જ તંત્ર દ્વારા પોલીસ અને વિડીયોગ્રાફર સાથે રાખીને સઘન વાહન ચેકીંગ શરૂ કરી દીધુ

ગાંધીનગર, તા. ૨૬

ચૂંટણીની તારીખો જાહેર થઈ જતાં હવે મતદારોને રીઝવવા કોઈપણ હદ સુધી રાજકીય પક્ષો અને ઉમેદવારો જઈ શકે છે. રૂપિયા અને દારૂ વહેંચવાની જૂની રીત દરેક ચૂંટણીએ ઉમેદવારો વાપરતા હોય છે. શહેરમાં દારૂ કે બિન હિસાબી મોટી રકમ લઈને ન ઘુસે તેનુ ખાસ ધ્યાન રાખવા ચૂંટણી કમિશને તંત્રને સુચના આપી છે. ત્યારે આચારસંહિતા અમલમાં આવી ત્યારથી જ શહેરના મોટા ભાગના તમામ એન્ટ્રી-એક્ઝીટ પોઈન્ટ ઉપર વિડીયોગ્રાફી અને પોલીસ સાથે તંત્રની એક ટીમ તૈનાત કરી દેવાઈ છે. જે સતત શંકાસ્પદ વાહનોનું ચેકીંગ કરી રહી છે.

પાટનગરના પ્રવેશદ્વારો જેવા કે ચ-૦, ઘ-૦, ખ-૦, ક-૭, જ-૭ અને ઘ-૭ ઉપરાંત ખ-૩ સહિતના સર્કલો પાસેથી શહેરમાં પ્રવેશતા વાહનો પર સતત વોચ રાખવામાં આવી છે. શહેરમાં પ્રવેશતા તમામ વાહનો કે જે શંકાસ્પદ જણાય તેનું વિડીયોગ્રાફી સાથે ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે. અને સાથે સ્થાનીક પોલીસનો કાફલો પણ તૈનાત રાખવામાં આવ્યો છે. મોટી રકમ (૫૦ હજારથી વધુ બિનહિસાબી રૂપિયા), દારૂ-બિયરનો જથ્થો કે જે મતદારોને રીઝવવા વપરાઈ શકે છે તેના પર તંત્રની ખાસ વોચ રહે છે. ગઈ સાંજથી તંત્રની ટીમો સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે. જો કે હજુ સુધી કોઈ શંકાસ્પદ વાહન પકડાયુ નથી.





## જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીને ખેડા ખસેડવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. દિપક જાગાણીની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. ડૉ. જાગાણીને ખેડા જિલ્લાના જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જયારે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી તરીકે જિલ્લા ક્ષય અધિકારી તરીકે સેવાઓ આપતા ડૉ. મનુભાઈ સોલંકીને મુકવામાં આવ્યા છે.

આરોગ્ય તંત્ર દ્વારા બદલીના મોટા પાંચ હુકમો કરવામાં આવ્યા છે. જિલ્લામાં આર.સી.એચ.ઓ.ની ખાલી જગ્યા પર ડૉ. હરીશ નાયકની નિયુક્તિ કરવામાં આવી છે. ચૂંટણી પંચની આચાર સંહિતા લાગુ થઈ ગયા પછી આ હુકમો રવાના થયા હોવાથી અધિકારીને હાજર થવાની અને છુટા થવાની વાતને લઈ ગ્રહણ લાગ્યું છે. આચાર સંહિતામાં જોગવાઈ છે કે બદલી કે બઢતી આપી શકાશે નહિ. કેટલીક બદલીમાં બઢતીના હુકમો હોવાથી તંત્ર મુશ્કેલીમાં મુકાયું છે.

## બેતાલીસ ગામ વણકર સમાજ દ્વારા દ્વિતીય પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચગોળ) વણકર સમાજ ગાંધીનગર દ્વારા દ્વિતીય પસંદગી મેળાનું આયોજન તા. ૨૪-૧૨-૧૭ને રવિવારના રોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું છે. તો ગોળ પરગણાના બાધ સિવાય ગુજરાતના તમામ વણકર સમાજના ભાઈઓ ભાગ લઈ શકશે. જેના ફોર્મ મેળવવા મો. ૯૮૯૮૬૩૦૫૫૬ પર સંપર્ક કરવો તેમ સંસ્થાના મહામંત્રીએ જણાવ્યું છે.



ગાંધીનગર ખાતેના સાઉથ-વેસ્ટર્ન એર કમાન્ડ ખાતે એરફોર્સ વાઈવ્ઝ વેલ્ફેર એસોસિએશન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત નજીકના લેકાવાડા ગામે મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદ્‌ઘાટન એરફોર્સ વાઈવ્ઝ વેલ્ફેર એસોસૈશનના પ્રમુખ શ્રીમતિ નિલમ ધીર દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેનો ૧૦૦થી વધુ ગ્રામીણ મહિલા દર્દીઓએ લાભ લીધો હતો.

# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના કર્મચારીઓ તાલિમમાં જતા કચેરી સુમસામ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના કર્મચારીઓ આજે દહેગામ ખાતે તાલિમમાં જતા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની કચેરીઓ સુમસામ લાગતી હતી. દિવાળીના દિવસો હોવાથી મુલાકાતીઓનો ધસારો પ્રકૃતિ ઉદ્યાનમાં રહે છે ત્યારે કર્મચારીઓ જતા રહેતા પાર્ક રામ ભરોસે હોય તેવુ લાગતું હતું. પાર્કમાં પશુ-પક્ષીઓ સહિત હિંસક પ્રાણીઓ પણ વસવાટ કરે છે તેવી સ્થિતિમાં એક સાથે કર્મચારીઓને તાલિમમાં મોકલવા કેટલા અંશે યોગ્ય ગણાય..?

ગાંધીનગર શહેરના ફરવા લાયક અને જોવા લાયક સ્થાનોમાં ગીર ફાઈન્ડેશન સંચાલિત પ્રકૃતિ ઉદ્યાન શહેરીજનોમાં લોકપ્રિય છે. પ્રકૃતિ ઉદ્યાનમાં બાળકો માટે જોવા માટે વિવિધ પશુ-પક્ષીઓ, સરિસૃપો, મોર, સસલા, મગર, હરણ, સહિતના પ્રાણીઓ રાખવામાં આવે છે. આ પ્રાણીઓની સેવાચાકરી પણ કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. તે કર્મચારીઓ સિવાય તેમની પાસે અન્ય કોઈ જઈ શકતુ નથી. ત્યારે આવી પરિસ્થિતિમાં અત્યારે હાલના સમયે રોજના હજ્જારો મુલાકાતીઓ પ્રકૃતિ ઉદ્યાન નિહાળવા માટે બાળકોને લઈને આવે છે. બાળકો પશુ-પક્ષીઓ સહિત વિવિધ પ્રાણીઓ જોઈ આનંદિત થઈ ઉઠે છે. તો કેટલાક મુલાકાતીઓ તેઓને હેરાન પણ કરતા હોય છે. જેથી પશુઓ પણ અકળાતા હોય છે ત્યારે તેઓને શાંત કરવા માટે કર્મચારીઓ હોય છે. પરંતુ આજે એક સાથે મોટાભાગના કર્મચારીઓને દહેગામ ખાતે તાલિમમાં મોકલી અપાતા પ્રકૃતિ ઉદ્યાનમાં ગણ્યાં-ગાંઠ્યા કર્મચારીઓ જ નજરે પડતા હતા. પ્રકૃતિ ઉદ્યાનના ૬ જેટલા કર્મચારીઓ બપોરે ૧ થી સાંજના ૬ વાગ્યા સુધી તાલિમમાં ગયા હતા. જેને પગલે પ્રકૃતિ ઉદ્યાનની કચેરીઓ કર્મચારીઓ વિના સુમસામ લાગતી હતી.

# સરકારી કાર્યક્રમોમાં દોડતી સલામત સવારી આમ નાગરિકોને નિયમિત મળતી નથી

## સરખેજ રૂટની યોગ્ય સેવા ગોઠવવા ઉપરાંત મુસાફરોની સલામતી માટે ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા શહેર વસાહત મહામંડળની માંગ

ગાંધીનગર તા ૨૬

એસ ટી તંત્ર દ્વારા અવારનવાર સરકારી કાર્યક્રમો માટે બસો ફાળવી દેવાતા ગાંધીનગર અમદાવાદ વચ્ચે રોજબરોજ અપડાઉ કરતા મુસાફરો અટવાય છે. હાલ ૩૭૦ માંથી માંડ ૧૬૦ રૂટમાં બસો દોડે છે. જયારે અનિયમિત અને અપુરતી બસ સેવાના લીધે આમ બસો દોડે છે. આ બસ સેવા પણ પુરતી ગોઠવી શકાઈ નથી. ગાંધીનગર અમદાવાદ વચ્ચે અવરજવર કરવા માટે માત્ર એસ ટી બસ સેવા જ ઉપલબ્ધ છે. ત્યારે ખાનગી મુસાફરીનુ જોખમ ટાળવા તેમજ આમ નાગરિકોને સલામત સવારીની યોગ્ય સેવા ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવુ જોઈએ તેવી પ્રબળ માંગ



નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. સરખેજ રૂટની પણ પર્યાપ્ત બસ સેવાના અભાવે મુસાફરોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ શહેરના વિકાસની સાથે અનેકવિધ સમસ્યાઓ પણ ઉઠવા પામી છે. જેમાં વાહન વ્યવ્હાર સેવાનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે. પબ્લીક ટ્રાન્સપોર્ટ સેવા પણ યાગ્ય રીતે ગોઠવી શકાય નથી તેવો આક્રોશ પણ તેમણે વ્યક્ત કર્યો છે. શહેરમાં એસ ટી ડેપો દ્વારા હાલ ૩૭૦ રૂટમાંથી માંડ ૧૬૦ ઉઠવા પામી છે. જયારે સરખેજ રૂટની બસ સેવા પણ પુરીત રીતે ગોઠવાઈ શકી નથી. સરખેજ રૂટમાં અવરજવર કરતા મુસાફરોની સંખ્યા વિશેષ જોવા મળે છે. આમ છતા મુસાફરોએ રોજબરોજ બસ સેવા માટે વલખા મારવા પડતા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. શહેર વસાહત મહામંડળના સુધીર દેસાઈ ,મયુર વ્યાસ, કશ્યપ મહેતા સહીતના પદાધિકારીઓએ એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતી માટે ઝડપથી પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ માંગણી કરી છે.

# ચરાડામાં આઈ.ટી.આઈ.નુ નવુ બિલ્ડીંગ ૫.૫૭ કરોડના ખર્ચે બનશે

## આસપાસના ૧૫ ગામોના વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણ મેળવવાનુ સરળ બનશે

ગાંધીનગર તા ૨૬

માણસા તાલુકાના ચરાડા ગામમાં આઈ ટી આઈનુ નવુ બિલ્ડીંગ બનાવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આર સી સી ફ્રેમ સ્ટ્રકચરનુ આ મકાન એક માળનુ રહેશે. આઈ ટી આઈનુ નવુ બિલ્ડીંગ આઠ મહીનામાં બનાવી દેવાશે. જયારે નવા બિલ્ડીંગના નિર્માણના અંતે આસપાસના ૧૫ જેટલા ગામોના વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણનો લાભ મળશે.

માણસા તાલુકાના ચરાડા ગામમાં આઈ ટી આઈના નવા બિલ્ડીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણ મેળવવા માટે આ બિલ્ડીંગ ઉપયોગી બનશે. નવિન પ્રકારના આઈ ટી આઈ બિલ્ડીંગમાં સો બાય સો મીટરની જગ્યામાં આર સી સી ફ્રેમ સ્ટ્રકચર ટાઈપનુ એક મજલાનુ બાંધકામ કરવામાં આવશે. આઈ ટી આઈ બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટે વર્કશોપ બિલ્ડીંગ, અત્યાધુનિક મશીનરી સાથે થીયરી કલાસ રૂમ સહીત જરૂરી ફર્નિચરનુ પણ કામ હાથ ધરાશે. ચરાડામાં નવિન આઈ ટી આઈ ના બિલ્ડીંગને અનુલક્ષી રૂ ૫.૫૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગતિશીલ ગુજરાત અંતર્ગત આ પ્રોજેકટનુ કામ હાથ ધરાયુ છે. સો બાય સો ના પ્લોટમાં એક મજલાના મકાનનુ બાંધકામ કરવામાં આવશે. ચરાડામાં આઈ ટી આઈ નુ નવુ બિલ્ડીંગનુ નિર્મામ કામ આગામી આઠ મહીનામાં પુર્ણ કરી દેવાશે. જયારે નવા આઈ ટી આઈ બિલ્ડીંગના લીધે આસપાસના ૧૫ ગામોના વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણ મેળવવાનુ સરળ બનશે. લાંબા સમયથી આ વિસ્તારમાં આઈ ટી આઈનુ મકાન બાંધવાની માંગ પ્રબળ બની હતી. જયારે આગામી દિવસોમાં ગ્રામજનોની માંગણી સંતોષાશે.

# ચાર બી.એલ.ઓ.ને પ્રાંત અધિકારીએ કારણદર્શક નોટીસ ફટકારતાં તંત્રમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૨૬

૪ બુથ લેવલ ઓફિસર દ્વારા મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન સમયસર કાર્યવાહી ન કરવા તેમજ તે અંગેના અહેવાલો પણ યોગ્ય રીતે ન રજુ કરતાં પ્રાંત અધિકારીશ્રી દ્વારા તેમને કારણદર્શક નોટીસ આપવામાં આવી છે. ગાંધીનગર પ્રાંત અધિકારી વ ગાંધીનગર (ઉ)ના ચૂંટણી અધિકારી ઋતુરાજ દેસાઈ દ્વારા આ નોટીસ પાઠવવામાં આવી છે. અગાઉ જિલ્લા કલેકટર સતીષ પટેલે પાંચ મદદનીશ ચૂંટણી અધિકારીઓને કામગીરીને લઈ નોટીસ ફટકારી હતી. બુથ લેવલ ઓફિસરોને નોટીસ આપવાને લઈ આજે તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોની ચૂંટણી અંગેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે તંત્ર દ્વારા લેવાયેલા આ પગલાંથી તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. મતદાર યાદી સુધારણા ઝુંબેશની ખાસ સૂચના ચૂંટણી પંચે આપી હતી અને તે ૨૫ ઓકટોબર સુધી હતી. આ પછી પણ આ ઝુંબેશ ચાલુ રહેશે. જો કે ૧૦મી નવેમ્બર મતદાર યાદીમાં નામ નોંધાવવા માટેનો અંતિમ દિવસ છે. ૨૫મી ઓકટોબર સુધી મળેલા ફોર્મ નં. ૬ અંગેની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી છે અને એકાદ દિવસમાં તે અંગેની ડેટા એન્ટ્રી તેમજ ચકાસણી પૂર્ણ થઈ જશે તેમ પણ આ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# નરેન્દ્ર અને વરૂણ પટેલ વચ્ચે વાતનો ઓડિયો વાયરલ થયો

અમદાવાદ, તા. ૨૬

વિધાનસભાની ચૂંટણી ટાણે ભાજપ દ્વારા એક કરોડ રૂપિયામાં ખરીદવાના પ્રયાસનો પર્દાફાશ કરનાર મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલે આ કેશકાંડ સંદર્ભે તેમની અને વરૂણ પટેલ સાથે થયેલી વાતચીતની ઓડિયો કલીપ વાયરલ કરી હતી, જેને પગલે ગુજરાતના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વાતચીતનો ઓડિયો લીક થયા બાદ અને મચેલા ઉહાપોહને પગલે પાસના પૂર્વ કન્વીનર અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલા વરૂણ પટેલનો મોબાઈલ ફોન પણ સતત સ્વીચ ઓફ આવતો હતો. નરેન્દ્ર પટેલ અને વરૂણ પટેલની વાતચીતની ઓડિયો લીક થતાં ભાજપની ઈમેજને વધુ એક જોરદાર ફટકો પડયો છે. વાતચીતમાં વરૂણ પટેલ મહેસાણાના પાસના નેતા નરેન્દ્ર પટેલને ૬૦ અને ૪૦ ટકા રકમ આપવાની વાત કરતા સંભળાય છે. વરૂણ પટેલ પત્રકાર પરિષદ

### વાતચીતનો ઓડિયો લીક થયા બાદ અને ઉહાપોહને પગલે વરૂણનો મોબાઇલ બંધ : ભાજપની ઇમેજને વધુ એક ફટકો

દરમ્યાન પાંચ કાર્યકરોને પણ સાથે રાખવા નરેન્દ્ર પટેલને આગ્રહ કરતા સંભળાય છે. વરૂણ પટેલ બીજી કોઈ ચિંતા નહી કરવા અને બધી જવાબદારી તેમની રહેશે એમ કહેતા પણ ઓડિયોમાં સંભળાય છે. બીજીબાજુ, નરેન્દ્ર પટેલે દાવો કર્યો હતો કે, આ ઓડિયોમાં તેમનો અને વરૂણ પટેલનો જ અવાજ છે, તેઓ કોઈપણ તપાસ માટે તૈયાર છે. વરૂણ પટેલમાં તાકાત હોય તો પુરાવા સાથે આવી જાય ન્યાયની અદાલતમાં. ઉલ્લેખનીય છે કે, મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલ દ્વારા ગાંધીનગર કોર્ટમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, પાસના પૂર્વ કન્વીનર અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલા વરૂણ પટેલ, ભાજપના યુવા નેતા ઋત્વિજ પટેલ, ભાજપના પ્રદેશ પ્રવકતા ભરત પંડયા, મહેશ પટેલ અને રવિ પટેલ વિરૂધ્ધ દાખલ કરેલી ફરિયાદના કેસમાં કોર્ટે તપાસના આદેશો કર્યા અને કોર્ટે ફરિયાદી નરેન્દ્ર પટેલને ઓડિયો રેકોર્ડિંગ, લાંચ પેટે અપાયેલા દસ લાખ રૂપિયા સહિતના જરૂરી પુરાવા તા. ૩જી નવેમ્બરે રજૂ કરવા તાકીદ કરી હતી. મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલે ગાંધીનગર કોર્ટ સમક્ષ કરેલી ફરિયાદમાં એવા આક્ષેપો કર્યા હતા કે, ભાજપ દ્વારા તેમના પક્ષમાં મને જોડાઈ જવા માટે એક કરોડ રૂપિયાની ઓફર કરાઈ હતી. મને ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના ત્યાં લઈ જવાયો હતો, ત્યાંથી મને ગાંધીનગર કમલમ્ ખાતે ભાજપના કાર્યાલય ખાતે લઈ જવાયો હતો. જયાં જીતુ વાઘાણી, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના ભાજપના અન્ય નેતાઓ હાજર હતા. તેઓની સાથે મારી મુલાકાત કરાવાઈ હતી અને પછી મને અંદરના એક રૂમમાં લઈ જવાયો હતો. મારો એક કરોડ રૂપિયામાં સોદો કરાયો હતો. તે પેટે મને દસ લાખ રૂપિયા રોકડા આપવામાં આવ્યા હતા અને જણાવાયું હતું કે, આવતીકાલે ભાજપનું ટાઉન હોલ કે ટાગોર હોલમાં સંમેલન છે અને ત્યાં તમારે ભાજપમાં જોડાઈ જવાનું છે. બાકીના રૂ.૯૦ લાખ તમને મળી જશે. આટલુ કહી પ્રેસ મીડિયાને બોલાવી મને ભાજપમાં જોડાઈ જવાનું બોલાવડાવ્યું હતું અને ધમકી આપી ભાજપનો ખેસ પહેરાવાયો હતો. ફરિયાદી નરેન્દ્ર પટેલ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ કાયદાકીય જોગવાઈ હેઠળ સખત નશ્યત કરવા ફરિયાદમાં દાદ મંગાઈ છે.

## જમાદાર સસ્પેન્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત ગાંધીનગર રેન્જના સાબરકાંઠા-મહેસાણા જિલ્લામાંથી પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં પ્રાંતિજ પીઆઈ ટી.બી. રાઠોડનો સમાવેશ થાય છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશનના શંકાના દાયરામાં આવેલા ચાર જમાદારોની પણ આંતરીક બદલીઓ કરવામાં આવી છે. તે ઉપરાંત મહેસાણા જિલ્લામાં એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ભગવતસિંહ રાઠોડ, તેમના રાઈટર હેડ કોન્સ્ટેબલ અને ઊંઝા ઉનાવાના એક જમાદાર ઉપરાંત ગોઝારીયાના જમાદાર નટુભાઈને પણ સસ્પેન્ડ કરવાના હૂકમ જારી થતા પોલીસતંત્રમાં ફફડાટ ફેલાઈ ગયો છે. મહેસાણા એ-ડીવીઝન વિસ્તારમાં આરઆરસેલે દરોડો પાડી ગઈકાલે કલોલના પુર્વ નગરસેવક અયુબ જવાનને ત્યાં જુગારની રેડ કરી હતી. આ પ્રકરણમાં એક પીએસઆઈ, એક હેડ કોન્સ્ટેબલ અને બે કોન્સ્ટેબલનો ભોગ લેવાયો છે. તે ઉપરાંત કલોલના ટાવર ચોકી ઈન્ચાર્જનો પણ જુગાર કેસમાં ભોગ લેવાયો હોવાનુ જાણવા મળ્યુ છે. તો બીજી તરફ અન્ય ચિલોડા અને પ્રાંતિજના પીઆઈને દારૂની હેરાફેરીના મામલે નિષ્ક્રીયતા જણાતા સસ્પેન્ડ કરાયા હોવાનું જાણવા મળ્યુ છે.

## સબ સ્ટેશન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. જયારે હવે દાયકાઓ જુના કેબલ બદલવા ઉપરાંત ઈલેક્ટ્રીકનુ નવુ સબસ્ટેશન બનાવવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. હાલ વિધાનસભા નીચે સબ સ્ટેશન છે. જયારે વિજભારણને બે ભાગમાં વહેંચવા માટે નવુ સબ સ્ટેશન બનાવવાનુ કામ હાથ ધરાશે. વિજ સબ સ્ટેશનની ક્ષમતા વધારવા માટે આયોજન કરાશે. વિજળીના ઉપયોગની સાથે લોડ વધતા વિજભારણને વહેંચવા માટે નવા સબ સ્ટેશનનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સબ સ્ટેશનના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરી અન્વયે વિભાગ કક્ષાએથી તાંત્રિક મંજુરી આપી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામગીરી શરૂ કરી દેવાશે. જો કે હજુ આ મામલે નવા સચિવાલયમાં સબ સ્ટેશનના નિર્માણ માટે જગ્યાની પસંદગી કરવામાં આવી નથી. પરંતુ આર્કીટેક કક્ષાએથી લોકેશન આખરી કરી કાર્યયોજનાને આખરી કરવામાં આવશે.

## અર્થવ્યવસ્થા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે સાથે હજારો લોકો રિપ્લાય પણ કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ મંગળવારના દિવસે ટ્વીટ કરીને કોંગ્રેસના જીએસટીને પ્રમાણિક જીએસટી તરીકે ગણાવીને તેની પ્રશંસા કરી હતી. જયારે ભાજપના જીએસટીને ગબ્બરસિંહ ટેક્સ તરીકે ગણાવીને તેની ટિકા કરી હતી. રાહુલ ગાંધી ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા હાલમાં સતત આકરા પ્રહારો કરી રહ્યા છે. નોટબંધી અને જીએસટીને જ કોંગ્રેસના નેતાઓ મુદ્દા બનાવી રહ્યા છે. રાહુલના પ્રહારના જવાબમાં જેટલીએ ગઈકાલે કહ્યુ હતુ કે ટુજી અને અને કોલસા કોંભાડ કરી રહેલાને હવે સર્વસંમત જીએસટીના કારણે ભારે તકલીફ થનાર છે. જે લોકોને વધારે તકલીફ થઈ રહી છે તે લોકો બિનજરૂરી હોબાળો મચાવી રહ્યા છે. રાહુલ ગાંધી ગુજરાતમાં હાલમાં વધારે ધ્યાન આપી રહ્યા છે. હિમાચલ પ્રદેશમાં બિલકુલ ધ્યાન આપી રહ્યાનથી. હિમાચલમાં પાર્ટીની હાલત વધારે કફોડી હોવાનો દાવો નિષ્ણાંત લોકો કરી રહ્યા છે.

## તીવ્ર તેજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી કે, પીએસયુ બેંકોમાં ૨.૧૧ લાખ કરોડ રૂપિયા ઠાલવવામાં આવશે. ગ્રોથ અથવા વિકાસને વધારવા, બેંકોની સ્થિતિને મજબૂત કરવા અને નોકરીની વધુ તકો ઉભી કરવાના હેતુસર જાહેર ક્ષેત્રની બેંકોમાં જંગી નાણા ઠાલવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પીએસયુ બેંકોમાં નાણા ઠાલવીને તેમની સ્થિતિ મજબૂત કરવામાં આવનાર છે. ભારતમાલાના પ્રથમ ચરણને કેન્દ્રીય કેબિનેટે મંગળવારે લીલીઝંડી આપી દીધી હતી. દેશના હજુ સુધીના સૌથી મોટા હાઈવે પ્લાન હેઠળ આગામી પાંચ વર્ષના ગાળા દરમિયાન આશરે ૮૩૦૦૦ કિમીથી વધારેથી લાંબા હાઈવેનું નિર્માણ કરવામાં આવશે. મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ પ્રથમ તબક્કામાં ૨૪૮૦૦ કિલોમીટરનો નેશનલ હાઈવેનું નિર્માણ કરવામાં આવશે. ગયા ગુરૂવારના દિવસે મુહુર્ત સેશનમાં સૌથી મોટો ઘટાડો સેંસેક્સમાં જોવા મળ્યો હતો. મુહુર્ત સેશન દરમિયાન સેંસેકસમાં ૧૯૪ પોઈન્ટનો ઘટાડો નોંધાતા સેંસેક્સ ૩૨૩૯૦ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૬૪ પોઈન્ટ ઘટીને ૧૦૧૪૭ની સપાટીએ રહ્યો હતો.શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી જોરદાર ઉતારચઢાવની સ્થિતી જોવા મળી રહી છે. વિવિધ પરિબળોની અસર હજુ જોવા મળે તેવી શક્યતા છે. નોટબંધી અને ત્યારબાદ જીએસટી એમ બે મોટા સુધારા અમલી કરવામાં આવ્યા બાદ દેશના અર્થતંત્ર પર તેની અસર થઈ છે. જો કે સરકાર આ બન્ને પગલાને આતિહાસિક અને દુરગામી તરીકે ગણાવી રહી છે. બીજી બાજુ કોંગ્રેસ સહિતના પક્ષો આ બે મોટા આર્થિક સુધારાને લઈને વિરોધ કરી રહી છે.

## અનમોલ રત્ન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અગાઉની સરકારોએ વિકાસનું કામ કર્યું ન હતું. હવે આંતરરાષ્ટ્રીય સ્તર પર લાવવા માટે પ્રવાસ વિભાગ દ્વારા કામ શરૂ કરવામાં આવ્યું છે જ્યારે આવું કામ શરૂ કરાયું છે ત્યારે તેમને પીડા થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, આગરાને લઈને કેટલીક યોજનાઓ છે. આગરાની પ્રશંસા કરતા મોદીએ કહ્યું હતું કે, દેશના મુખ્ય સ્થળો પૈકી એક છે. જ્યાં એક સાથે વર્લ્ડહેરિટેજ સાથે જોડાયેલી પાંચ ઈમારતો છે. દરરોજ ૪૦થી ૫૦ હજાર પ્રવાસી આવે છે. જો સુરક્ષા અને સુવિધા મળશે તો આ સંખ્યા અઢી લાખ સુધી પહોંચશે. તાજમહેલ કેમ બનાવવામાં આવ્યું, કઈરીતે બનાવવામાં આવ્યું તેને લઈને પ્રશ્નો બિનજરૂરી છે પરંતુ તાજમહેલ ભારતના વાસ્તુના અનમોલ રત્ન તરીકે છે. અહીંના મજુરોના ખુન પરસેવાથી આનું નિર્માણ કરાયું છે. આનાથી આગરાના કારોબારમાં વધારો થાય છે. જેથી તેના સંરક્ષણના પ્રયાસો જરૂરી છે. તેમણે કહ્યં હતું કે, અગાઉની સરકારો માત્ર શિલાન્યાસ કરવા માટે આવતી હતી ત્યારબાદ ક્યારે નજરે પડતી ન હતી. તેમની સરકાર માટે આગરા પિકનિક સ્પોટ નહીં પરંતુ સાધનાના કેન્દ્ર તરીકે રહેશે.